અંબાજીમાં ટ્રકનું સ્ટીયરીગ લોક થઈ જતા અકસ્માત

બનાસકાંઠા જિલ્લાના યાત્રાધામ અંબાજીમાં શનિવારે વહેલી સવારે અકસ્માતની ઘટના સામે આવી છે. અંબાજી-દાંતા રોડ પરની કૉલેજ પાસે દાંતા તરફથી આવી રહેલ ટ્રકને અકસ્માત નડ્યો હતો. જેમાં ટ્રકનું સ્ટીયરિંગ અચાનક લોક થઈ જતાં કોલેજ નજીક લગાવેલા સીસીટીવી કેમેરાના થાંભલા સાથે અથડાતાં અકસ્માત થયો હતો. ઘટનાને લઈ લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. અકસ્માતમાં ડ્રાઈવરને સામાન્ય ઈજા થતાં આદ્યશક્તિ જનરલ હોસ્પિટલ અંબાજી ખાતે સારવાર અર્થે ખસેડાયા હતા. સદનસીબે જાનહાની ટળી જતા તમામે હાશકારો અનુભવ્યો હતો.

ટીંટોઈ નિવૃત્ત આર્મી જવાન "વેતન નહીં વતન માટે" ૬૦ થી વધુ યુવકોને મા ભોમની રક્ષા કરવા માટે લશ્કરી તાલીમ આપી રહ્યો છે

અરવલ્લી જીલ્લાના અનેક યુવકો દેશની સુરક્ષા માટે વિવિધ દળમાં જોડાઈ મા ભોમની રક્ષા કરી રહ્યા છે, કેટલાક જવાનો દેશની સુરક્ષા કરતા શહીદી વ્હોરી છે, હજુ પણ લશ્કરમાં ભરતી થવાનો જુસ્સો યથાવત છે. મોડાસા તાલુકના ટીંટોઈ ગામના સીઆઈએસએફમાં ૩૯ વર્ષથી દેશની રક્ષા કરી નિવૃત્ત થયેલા ખેમાભાઈ અંબાભાઈ મોરી "વેતન માટે નહિ વતન" માટે નિઃશુલ્ક યુવાનોને આર્મીમાં જવા માટે શારીરિક માનસિક રીતે તૈયાર કરવાનું અનોખુ અભિયાન ચલાવાઈ રહ્યા છે. ટીંટોઈ ગામના ગૌચરને મેદાનમાં ફેરવી દઈ તાલીમ આપી રહ્યા છે. લશ્કરમાં ભરતી થવા માટે ટીંટોઈ સહીત આજુબાજુ વિસ્તારના મોટી સંખ્યામાં યુવાનો જોડાઈ રહ્યા છે. નિવૃત્ત આર્મી જવાનની પહેલને યુવાનો સહીત સમગ્ર પંથકમાં સરાહના થઈ રહી છે ટીંટોઈ ગામમાંથી ૧૦ થી વધુ યુવાનો હાલ આર્મીમાં ફરજ બજાવી રહ્યા છે.

ટીંટોઈ ગામના ખેમાભાઈ અંબાભાઈ મોરી સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીલ સિક્યુરિટી ફોર્સ (અર્ધ લશ્કરી દળ)માં ૩૯ વર્ષ સુધી દેશની રક્ષા કરી ૫ મહિના અગાઉ વયનિવૃત્ત થયા હતા. નિવૃત્તિ લીધા બાદ અન્ય યુવાનો પણ દેશ માટે કંઈક કરી શકે તેવા ઉદ્દેશ સાથે ગામના ગૌચરને લશ્કરી ટ્રેનિંગ સેન્ટરની જેમ ફેરવી દઈ સ્થાનિક અને આજુબાજુના વિસ્તારના યુવાનોને આર્મીમાં જોડાવા માનસિક અને શારીરિક રીતે તૈયાર કરવા નિઃશુલ્ક તાલીમ કેમ્પ શરૂ કર્યો છે. જ્યાં તેઓ યુવાનોને આર્મી જેવી જ કઠોર તાલીમ આપી યુવાનોને સક્ષમ બનાવી રહ્યા છે ખેમા ભાઈ મોરીકહે છે કે, હું વેતન માટે નહીં પરંતુ, વતન માટે કામ રહ્યો છું અને દેશ માટેનું મારૂ ઋણ અદા કરી રહ્યો છું.

નિવૃત આર્મી જવાનના નિઃશુલ્ક તાલીમ કેમ્પમાં વહેલી સવારે ૬૦ થી ૭૦ યુવાનો તાલીમ લઈ રહ્યા છે જેમાં યુવાનોને ફિઝિકલ ફિટનેશ માટે ૧૬૦૦ મીટર રનીંગ, ૧૦૦ મીટર ફાસ્ટ ટ્રેક દોડ અને યોગ થકી શારીરિક મજબૂતી જળવાઈ રહે તે માટે યોગ ક્લાસ લેવામાં આવે છે. આ તાલીમ જરૂરિયાતમંદ અને ગરીબ પરિવારના યુવાનો માટે માર્ગદર્શક બની રહી છે નિવૃત્ત જવાનની આ પ્રવૃત્તિથી વિસ્તારના લોકો કે જે સંતાનોને શિક્ષક સહીત સરકારી નોકરી સ્વરૂપમાં જોવા ટેવાયેલા હતા તેઓ પણ હવે આર્મી ભણી નજર દોડાવી રહ્યા છે. સતત આતંકવાદી હુમલા થઈ રહ્યા છે ત્યારે યુવાનોમાં લશ્કરમાં જોડાવાનો જોશ જોવા મળી રહ્યો છે.

મેઘરજના શખ્સને આઈપીએલ પર સટ્ટો રમાડતો હતો ચાલુ સટ્ટાએ એલસીબીએ રંગહાથ ઝડપ્યો

મેઘરજ, તા. ૧૦

મોડાસા શહેર સહીત અરવલ્લી જિલ્લામાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમવાનો ક્રેઝ વધી રહ્યો છે, ત્યારે હાલ ચાલી રહેલી આઈપીએલની ક્રિકેટ મેચ પર શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં મોટાપાયે સટ્ટો રમાતો હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે.

ત્યારે જિલ્લા પોલીસવડા સંજય ખરાતની સુચનાથી એલસીબી પોલીસે મેઘરજના અને 'માય નેમ ઈઝ ખાન' નામનું હુલામણું નામ ધરાવતા સોહેલ મુસાભાઈ બાકરોલીયા નામના સટ્ટોડિયાને વોટ્સએપ્પ પર ઓનલાઈન સટ્ટો રમાડતા શખ્સને ઝડપી પાડી ઓનલાઈન સટ્ટો રમતા લોકોની તપાસ હાથ ધરી હતી.

આઈપીએલની ક્રિકેટ મેચમાં મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં દરેક મેચમાં લાખ્ખો રૂપિયાનો સટ્ટો રમાઈ રહ્યો છે. ઓનલાઈન સટ્ટામાં અનેક યુવાનો વ્યાજે રૂપિયા લઈ દાવ પર લગાવી વ્યાજના

વિષચક્રમાં બરદાદ થઈ રહ્યા છે. ક્રિકેટ મેચ પર ઓનલાઈન સટ્ટો રમાડતા અનેક બુકીઓ વિવિધ સોશ્યલ મીડિયા એપ્લિકેશન મારફતે સટ્ટો રમાડી રહ્યા છે.

અરવલ્લી એલસીબી પીઆઈ આર કે પરમાર અને તેમની ટીમ મેઘરજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે મેઘરજના માલપુર રોડ પર આવેલ જીમ આગળ ખુલ્લી જગ્યામાં એક યુવક આઈપીએલ મેચ પર સટ્ટો રમાડતો હોવાની બાતમી મળતા એલસીબી પોલીસ તાબડતોડ પહોંચી ખુલ્લી જગ્યાને કોર્ડન કરી સોહેલ ઉર્ફે માય નેમ ઈઝ ખાન મુસાભાઈ બાકરોલીયા (રહે, ઘાંચીવાડા)ને ઝડપી પાડી સનરાઈઝ ઈલેવન અને કિંગ ઈલેવન પંજાબ મેચ પર મોબાઈલમાં સટ્ટો રમાડતો હતો તેનું વોટ્સએપ્પ ચેક કરતા અલગ અલગ લોકોને ભાવ સાથે ઓનલાઈન સટ્ટો રમાડતો જણાઈ આવતા ધરપકડ કરી મોબાઈલ અને રોકડ રકમ મળી કુલ રૂ. ૫૯૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ધનસુરા ખાતે ઓલ ઈન્ડિયા રેડક્રોસ સોસાયટીની સાધારણ સભા યોજાઈ

ધનસુરા, તા. ૧૧

ધનસુરા ખાતે ઓલ ઈન્ડિયા રેડ ક્રોસ સોસાયટીની સાધારણ સભા યોજાઈ હતી જેમાં કોરોનાને લઈને માસ્ક તેમજ સોશિયલ ડિસ્ટન્સની જાળવણી સાથે સભા યોજાઈ હતી. જેમાં પ્રમુખ તરીકે મનસુખભાઈ, ઉપપ્રમુખ તરીકે ગોવિંદભાઈ પટેલ, મંત્રી તરીકે લલિતભાઈ બુટાલા અને ટ્રેઝરર તરીકે કિરીટભાઈ પટેલ (નિવૃત કર્મચારી સા.કાં બેંક) તેમજ સમિતિમાં હસમુખભાઈ એમ. પટેલ, નટુભાઈ પટેલ, ભરતભાઈ પટેલ, નવનીતભાઈ પટેલ (શિણોલ)ની વરણી કરવામાં આવી હતી. જિલ્લા રેડક્રોસ સોસાયટીના પ્રમુખ ભરતભાઈ પરમારની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. જેમાં સર્વાનુમતે પ્રમુખ ઉપપ્રમુખ અને મંત્રી અને સભ્યોની નિમણૂક કરવામાં આવી હતી.



બાઇકમાં સાપ ઘૂસતા તેને જોવા લોકોના ટોળા ઉમટ્યા

ડીસા તાલુકાના ભીલડી સોયલા ફાટકની બાજુમાં આવેલ કોમ્પલેક્ષ આગળ ચા ની કિટલ પાસે ઉભેલ બાઇક નંબર એમએચ.૦૨.એડબલ્યુ.૬૨૦૯ માં ચારથી પાંચ ફૂટ જેટલો લાંબો કાળો સાપ પેસી ગયો હતો. બાઇકચાલક પોતાનુ બાઇક લઇને ઘરે જવાની તૈયારી કરી બાઇક પર બેસવા જતા તેની નજર અચાનક સાપ પર પડી જતા તે તરત બાઇક છોડી દૂર જતો રહ્યો હતો. બહુ મહેનત બાદ એ સાપને લોકોએ બાઇકમાંથી બહાર નીકાળ્યો હતો. તે સાપને જોવા ત્યાં લોકો બહુ બધા ભેગા થઇ ગયા હતા. શિયાળાની શરુઆત થઇ રહી છે એવામાં બાઇકના એન્જીન પર શુ સાપ ગરમી લેવા બેઠો હશે ? તેવી લોકોમાં ચર્ચા જોવા મળી રહી હતી, સાથે સાથે હવે કોઇપણ બાઇક હોય કે ગાડી હોય બુટ ચંપલ હોય તો જોઇ તપાસીને બેસવુ પહેરવા જોઇએ તેવી લોકો ચર્ચા કરી બીજા લોકોને જાગૃતા પ્રસરીત કરી રહ્યા હતા.

દહેગામના ત્રણ યુવકો કારમાં ૮ બોટલ ભરી રાજસ્થાનથી આવી રહ્યા હતા અરવલ્લી એલસીબી પોલીસે કુડોલ ચાર રસ્તા નજીકથી દબોચતા હોશકોશ ઉડ્યા

ગુજરાતમાં દારૂબંધી હોવાથી વિદેશી દારૂ પીનાર શોખીનો શામળાજી રતનપુર ચેકપોસ્ટ નજીક રાજસ્થાનમાં આવેલી હોટલો અને દારૂના ઠેકા પર પહોંચી દારૂની મહેફિલ જમાવી પરત ફરતા હોય છે. રાજાપાઠમાં અનેક લોકો અરવલ્લી જીલ્લા પોલીસતંત્રની અડફેટે ચઢતા હોવાથી જેલની હવા ખાવાનો વારો આવે છે. રાજસ્થાનમાં ગુજરાત કરતા અડધી કિંમતે વિદેશી દારૂ મળતો હોવાથી દારૂના શોખીનો પરત ફરતી વખતે થોડી ગણી બોટલ વાહનમાં સંતાડીને લઈ આવતા હોવાની વાત જગ જાહેર છે. અરવલ્લી એલસીબી પોલીસે ત્રણ યુવકોને વિદેશી દારૂ અને બિયરના નંગ-૮ સાથે મોડાસાના કુડોલ ચાર રસ્તા પરથી દબોચી લેતા ત્રણે યુવકોનો દારૂનો નશો ગણતરીની સેકંડમાં ઉતરી ગયો હતો પોલીસે ત્રણે શખ્શો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી એલસીબી પીઆઈ આર કે પરમાર અને તેમની ટીમ દારૂની હેરાફેરી અટકાવવા સતત દોડાદોડી કરી રહી છે સતત વિદેશી દારૂની હેરાફેરીનો નાના-મોટા વાહનો મારફતે થતી હેરાફેરીનો પર્દાફાશ કરી રહી છે. એલસીબી ટીમે મોડાસા તાલુકાના કુડોલ ચાર રસ્તા પર રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતા શણગાલ તરફથી આવતી સ્વિફ્ટ કાર (ગાડી.નં. જીજે.૧૮.બીએચ.૬૮૨૧)ને અટકાવી તલાસી લેતા સ્વીફ્ટ કારમાં સંતાડી રાખેલ વિદેશી દારૂ-બિયર બોટલ નંગ-૮ કીં. રૂ. ૫૩૦૦ના જથ્થા સાથે કાર ચાલક વશાલ અમરતભાઈ પંચાલ (રહે. અનુરાધા સોસાયટી વિભાગ-૧, દહેગામ), કપીલ રવિભાઈ ભીમાણી (રહે. ઓધવનગર કંપા, દહેગામ) અને જીગર જયંતિભાઈ પટેલ (રહે. લક્ષ્મીપુરા કંપા, દહેગામ)ને ઝડપી પાડી સ્વીફ્ટ કાર, મોબાઈલ મળી કુલ રૂ.૨૧૨૩૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ત્રણે શખ્સો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. દહેગામના ત્રણે યુવકો વિદેશી દારૂ અને બિયર પીવા માટે લઈ જતા હોવાની માહિતી પોલીસસુત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી.

પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ નાની બોખમાંથી અજાણ્યા ઈસમનો મૃત હાલતમાં મૃતદેહ મળ્યો

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ નાનીબોખમાંથી કોઈ અજાણ્યા ઈસમની મૃત હાલતમાં પાણીમાંથી મૃતદેહ મળી આવ્યો હતો.

પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ નાનીબોખમાંથી તા.૯ને શુક્રવારના છ વાગતાને આસપાસ અંદાજે ૫૨ વર્ષના ઈસમની પાણીમા તરતી લાશ દેખાતા લોકો બોખ પાસે દોડી આવ્યા હતા. કમાલપુર સરપંચ દ્વારા પ્રાંતિજ પોલીસ તથા પ્રાંતિજ ફાયર ટીમને જાણ કરતાં પ્રાંતિજ પોલીસ તથા પ્રાંતિજ ફાયર ટીમના મુકેશભાઈ પરમાર તથા ગોપાલભાઈ પટેલ દોડી આવ્યા હતા અને પાણીમાં રહેલ લાશને બહાર કાઢવામાં આવી હતી. મૃતકની ઓળખ ના થતા તેને પ્રાંતિજ પોલીસ દ્વારા પ્રાંતિજ સિવિલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડી મૃતકના પરિવારની શોધખોળ હાથ ધરી છે.

ધનસુરા પોલીસે ડસ્ટર કારમાંથી ૧.૪૬ લાખના દારૂ સાથે ૧ શખ્સને દબોચ્યો

રાજપુરના શખ્સને ચોરીની બાઈક સાથે ઝડપ્યો

ધનસુરા, તા. ૧૧

રાજ્યમાં દારૂબંધી મામલે વધુ એક વખત રાજકારણ ગરમાયુ છે. પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા દારૂબંધી હટાવવી જોઈને તરફેણ કરી દારૂબંધીને લઈને હમારાજ ચાલી રહ્યું હોવાનું જણાવી રહ્યા છે. ભાજપ-કોંગ્રેસ દારૂબંધીની તરફેણમાં છે બીજીબાજુ દારૂબંધીની કડક અમલવારીની વાતો વચ્ચે રાજ્યમાં સતત વિદેશી દારૂ ઝડપવાની ઘટનાઓ બની રહી છે. ધનસુરા પોલીસે બાતમીના આધારે લાલપુર ગામના બસ સ્ટેન્ડ નજીકથી પસાર થતી ડસ્ટર કારમાંથી ૧.૪૬ લાખના વિદેશી દારૂ સાથે રાજસ્થાનના એક બુટલેગરને દબોચી લીધો હતો. ડસ્ટર કારમાં રહેલો એક બુટલેગર પોલીસને થાપ આપી નાસી છૂટ્યો હતો, બે બુટલેગરોની ખેપ નિષ્ફળ બનાવી ૧ બુટલેગરને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. વડાગામ નજીક પેટ્રોલિંગ દરમિયાન નંબર વગરની ચોરીની બાઈક સાથે રાજપુર ગામના જગદીશ લક્ષ્મણભાઈ કોટવાળને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતના આગમન પછી જીલ્લાના મુખ્ય અને અંતરિયાળ માર્ગો પરથી નાના-મોટા વાહનો મારફતે થઈ રહેલી હેરાફેરી પર રોક લગાવવામાં મહદંશે સફળ રહી છે. ધનસુરા પીએસઆઈ પી.ડી. રાઠોડ અને તેમની ટીમે બાતમી મળતા લાલપુર બસ સ્ટેન્ડ નજીક નાકાબંધી કરી પસાર થતી ડસ્ટર કાર (ગાડી.નં-જીજે.૦૧આરબી. ૯૮૮૦)ને અટકાવી તલાસી લેતા કારમાંથી વીદેશી દારૂની બોટલ નંગ-૯૫૫ કીં. રૂ.૧૪૬૮૫૦નો જથ્થો જપ્ત કરી રાજસ્થાન ખેરવાડાના ગત્રાલી ગામના શૈલેષજી કેશવજી દરંગા દબોચી લઈ ડસ્ટર કાર, મોબાઈલ અને વિદેશી દારૂ મળી કુલ રૂ. ૬૪૭૮૫૦નો મુદ્દામાલ જપ્ત કરી પોલીસ નાકાબંધી જોઈ ફરાર થઈ ગયેલા ખેરવાડા શરેરા ગામના શોમેશ્વર વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસામાં મારામારીની બે ઘટનાઓ બનતા ચકચાર

મોડાસામાં જાહેર માર્ગ પર નિવૃત આર્મી જવાનને અર્ધનગ્ન કરી ઢોર માર મારતા ત્રણ સામે ફરિયાદ

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જીલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતી કથળી હોય તેમ જાહેરસ્થળોએ મારામારીની બે ઘટનાઓ બહાર આવતા ભારે ચકચાર મચી છે જેમાં મોડાસાના અને અમદાવાદ જમાલવાવ વિસ્તારમાં રહેતા નિવૃત આર્મી જવાન તેની માતાની કબર પર ફૂલ ચઢાવવા આવતા તેના ભાઈ અને બે ભત્રીજાઓએ હુમલો કરી અર્ધનગ્ન કરી ઢોર માર માર્યો હતો જેનો વિડીયો પણ સોશ્યલ મીડિયામાં વાયરલ થતા ભારે ચકચાર મચી હતી. નિવૃત આર્મી જવાને તેના ભાઈ અને બે ભત્રીજા સામે ટાઉન પોલીસસ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અન્ય એક બનાવમાં સિમેન્ટના વેપારીની સાયકલને પાછળથી ખલીકપુર ગામના યુવાન બાઈકચાલકે ટક્કર મારતા વેપારીએ ઠપકો આપતા યુવકે ગામના અન્ય ત્રણ યુવકોને બોલાવી વેપારી પર લોંખડની પાઈપ વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા ભારે ચકચાર મચી હતી.

મોડાસા શહેરના ડુંગરવાડા રોડ પર આવેલ મખદૂમ લાહોરી કબ્રસ્તાન બહાર એક યુવકને ત્રણ લોકો ઢોર માર મરાતો હોવાનો વીડિયો વાયરલ થતા ભારે ચકચાર મચી હતી. ત્રણ શખ્સો એક યુવકને અર્ધનગ્ન કરી માર મારતા હોવાનુ અને લોકો મારામારીની ઘટનામાં યુવકને બચાવવાને બદલે તમાશો જોઈ રહ્યા હતા. કેટલાક લોકોએ આ મારામારીના દ્રશ્યો કેમેરામાં કેદ કરી સોશ્યલ મીડિયામાં વાયરલ કરતા ઢોર મારનો ભોગ બનેલ યુવક કોણ છે અને તેને કેમ મારવામાં આવી રહ્યો હતો તે સામે આવ્યુ ન હતુ, પરંતુ આ રીતે કાયદો હાથમાં લેનારાઓ સામે પગલાં ભરાય તેવી માંગ ઉઠી હતી ત્યારે આ અંગે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પારિવારિક ઝગડો હોવાનું બહાર આવ્યું છે જેમાં નિવૃત્ત આર્મી જવાન અને અમદાવાદ રહેતા આતિકઅહેમદ સૈયદઅહેમદ સૈયદ કામકાજ અર્થે તેમના પિતા સાથે મોડાસા આવ્યા હતા ત્યારે મખદૂમ લાહોરી કબ્રસ્તાન ખાતે તેમની માતાની કબર પર ફૂલ ચઢાવવા જતા તેમનો ભત્રીજો

ફઝલઅહેમદ અનીસઅહેમદ સૈયદ, અનીસ અહેમદ અને મોહમ્મદ હસનખાન પઠાણ આવી પહોંચ્યા હતા અને તેમને ગડદાપાટુનો માર મારવા લાગ્યો હતો અને કારમાં પણ તોડફોડ કરી હતી આ અંગે નિવૃત સુબેદાર આતિકઅહેમદ સૈયદે ત્રણે શખ્સો સામે ફરિયાદ નોંધાવતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા શહેરના મોતી સાગર ફ્લેટમાં રહેતા સિમેન્ટના વેપારી અરવિંદભાઈ માધવલાલ ઠક્કર ગુરુવારે રાત્રે સાયકલ પર માલપુર રોડ પર પસાર થતા હતા ત્યારે પાછળથી ખાલીકપુરના કુલદીપ ઠાકોરે બાઈક ઠોકી દેતા અરવિંદભાઈએ ઠપકો આપી સારવાર કરાવવાનું કહેતા કુલદીપ ઠાકોર ત્યાંથી જતો રહ્યો હતો અરવિંદભાઈ તેમના ફ્લેટની નીચે આવેલ દુકાન પર બેઠેલા હતા ત્યારે કુલદીપ ઠાકોર અન્ય ગામના ત્રણ યુવકો સાથે ધસી આવી લોંખડની પાઈપ વડે હુમલો કરી ગડદા પાટુનો મારમારતા લોકોના ટોળેટોળા ઉમટતા ચારે યુવાનો જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપતા વેપારી ફફડી ઉઠ્યો હતો.

મોડાસા ટાઉન પોલીસે અરવિંદભાઈ ઠક્કરે કુલદીપ ઠાકોર, વિશાલ ડાહ્યાભાઈ ઠાકોર, ધવલ ડાહ્યાભાઈ ઠાકોર અને લાલો ઠાકોર નામના શખ્સો સામે ફરિયાદ નોંધાવતા ટાઉન પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાંતિજ વૃધ્ધાશ્રમ ખાતે ભગવાન સત્યનારાયણની કથા યોજાઈ

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ તીર્થાગન વિસામો વૃધ્ધાશ્રમ ખાતે અધિક માસને લઈને ભગવાન સત્યનારાયણની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ શ્રી માર્કંડેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલ તીર્થાગન વિસામો વૃધ્ધાશ્રમ ખાતે વૃધ્ધાશ્રમના સંચાલક વિભાષભાઈ પટેલ દ્વારા પવિત્ર અધિક માસને લઈને વૃધ્ધાશ્રમ ખાતે ભગવાન સત્યનારાયણની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. વૃધ્ધાશ્રમ ખાતે રહેતા વધ્ધોએ

પવિત્ર અધિક માસમાં ભગવાન સત્યનારાયણની કથા સાંભળી હતી અને કથા દરમ્યાન તુલસીના પાનની આહુતિ આપીને ધન્યતા અનુભવી હતી. વૃધ્ધાશ્રમના સંચાલક વિભાષભાઈ પટેલ દ્વારા વૃધ્ધાશ્રમમાં સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.